ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૬ ડીગ્રી
લઘુતમ : ૧૨.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૮ ટકા




ફુડ ફેસ્ટ - દિવાળી વેકેશન બાદ શરૂ થયેલા શૈક્ષણિક સત્ર બાદ શિયાળાની શરૂઆતમાં શાળા - કોલેજમાં વિવિધ ફેસ્ટ અને ડેની ઉજવણી કરવામાં આવે છે... ગાંધીનગરના પાદરે આવેલી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ખાતે ફુડ ફેસ્ટ યોજાયો હતો. શાળાના બાળકો સહિત શિક્ષકો અને શાળા પરિવારે આ ફેસ્ટમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને અવનવી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો...

# સે-૫માં પરિણીતાએ શરીરે કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દીધી

**૨૫ વર્ષિય પરિણીતાનું કરુણ મૃત્યુ : મકાનમાંથી ધુમાડો અને ચીસાચીસ શરૂ થતાં પડોશીઓએ ફાયર બ્રિગેડને જાણ કરી : આપઘાતનું કારણ અકબંધ**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૫ બી ખાતે રહેતી ૨૫ વર્ષીય પરણીતાએ આજે બપોરે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર પોતાના શરીરે કેરોસીન છાંટી દીવાસળી ચાંપી લઈને આપઘાત કરી લીધો હતો. મકાન માંથી અચાનક ધુમાડો આવવા લાગ્યો અને ચીસાચીસ શરૂ થઈ જતા પડોશીઓએ તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરીને સ્થળ પર બોલાવી લીધી હતી. ફાયરની ટીમ પાછળના દરવાજેથી અંદર ઘુસી ને આગ પર કાબુ મેળવી તપાસ કરી તો પરિણીતા તેના રૂમની અંદર જ ભડથુ થઈને પડી હતી. અરેરાટીભરી આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા સેક્ટર-૭ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેણે કરેલા આપઘાતનું કારણ બહાર લાવવા ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૫ બી પ્લોટ નં.૬૨૧/૧ ખાતે પોતાના પિયરમાં તેણીની દિકરી સાથે રહેતી ૨૫ વર્ષીય પરિણિતા અંજુબેન કૌશિકભાઈ પરમાર આજે તેના માતા-પિતા બહારગામ ગયા હોવાથી સે-૩માં મામાના ઘરે ગઈ હતી. બપોરે અંજુ તેના મામાના ઘરેથી પોતાના પિયરમાં સે-૫માં દવા લેવા જઉ છુ તેમ કહીને નીકળી હતી. પિયરમાં કોઈ હતું નહીં ત્યારે રૂમમાં જઈને તેને કોઈ અગમ્ય કારણોસર પોતાના શરીરે કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દીધી હતી. પોતાનું શરીર ભડભડ સળગવા લાગતા શરૂ થયેલી બળતરાને કારણે તેણીએ બૂમાબૂમ શરૂ કરી દીધી હતી. તેની સાથે જ મકાનમાંથી ધૂમાડો બહાર આવવા લાગતા પડોશીઓ પણ એકાએક બહાર આવી ગયા હતા. ચીસાચીસ અને ધુમાડા જોઈ તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી દીધી હતી. ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ભાઈ બ્રિગેડની ટીમે સ્થળ પર જઈને જોયું તો મકાનના પાછળનો દરવાજો ખુલ્લો હતો. પાછળના દરવાજેથી પ્રવેશ કરીને આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેનાર પરિણીતા અંજુનું પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. તાત્કાલિક આ મામલે પોલીસ અને મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવતા તેઓ તાબડતોબ સ્થળ પર આવી પહોંચ્યા હતા. આ ઘટનાથી સેક્ટર-૫ માં અરેરાટી ફેલાઈ જવા પામી હતી જ્યારે તેના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. અંજુએ કરેલા આપઘાતનું કારણ હજુ બહાર આવી શક્યું નથી. પોલીસે તે દિશામાં વધુ તપાસ આરંભી છે.

# ગાંધીનગર ડેપોમાંથી એન.આર.આઈ મહિલાનું દાગીના ભરેલું પાકીટ ગઠિયો સેરવી ગયો

**અમેરિકા રિટર્ન મહિલા તેના પતિ અને સસરા સાથે સવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા જવા નીકળ્યા હતા : ડેપોમાં બસમાં ચડતી વખતે ભીડનો લાભ લઈ ગઠિયા લેડિઝ પર્સની ચેન ખોલી અંદરથી રુ.૧૨.૪૧લાખના દાગીનાઓ ભરેલુ મીની પર્સ બઠ્ઠાવી ગયાઃ પોલીસ ફરિયાદ નોંધાઇ**

ગાંધીનગર, તા.૯

અમેરિકાના ન્યૂજર્સીમાંથી આવેલી એન.આર.આઈ મહિલા ગાંધીનગર શહેરના સે-૩ ખાતે પોતાની સાસરીમાં આવી હતી. આજે સવારે આઠ વાગ્યે એન આર આઈ મહિલા તેના પતિ અને સસરા સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા જવા નીકળી હતી. ગાંધીનગર એસટી ડેપોમાં વડોદરા જતી બસમાં બેસવા જતા ભીડનો લાભ લઈને આ મહિલાના લેડીઝ પર્સની ચેન ખોલી તેમાંથી કોઈ ગઠીયા એક મીની પર્સ સેરવી ગયા હતા. આ મીની પર્સમાં બે-પાંચ હજાર રૂપિયા નહીં પરંતુ સાડા બાર લાખ રૂપિયાની કિંમતના સોનાનાં દાગીના તથા ડાયમંડના દાગીના ભરેલા હતા. એન.આર.આઈ મહિલાએ સેક્ટર-૭ પોલીસ મથકમાં સમગ્ર મામલે ફરિયાદ આપતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

મળતી વિગત અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૩ બી પ્લોટ નં.૨૭૪/૨ માં પોતાના સાસરીમાં આવેલી એન.આર.આઈ મહિલા દુર્ગેશનંદિની અશોકકુમાર ગુપ્તાને આજે સવારે ગાંધીનગર એસટી ડેપોમાં ખીસાકાતરૂઓએ ટાર્ગેટ બનાવી હતી. દુર્ગેશનંદિની ગુપ્તા સવારે આઠ વાગ્યાના અરસામાં તેના પતિ અને સસરાની સાથે એસટી ડેપોમાં આવ્યા હતા. આ પરિવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે નર્મદા જઈ રહ્યા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા નર્મદા જીલ્લા તરફ જવા માટે આ પરિવાર ગાંધીનગર એસટી ડેપોમાં વડોદરા તરફ જતી બસની રાહ જોઇને ઉભુ હતુ. વડોદરા જતી બસ આવતા એન.આર.આઈ મહિલા અને તેનું ફેમિલી બસમાં ચડ્યું હતું. જોકે સવારે આ બસમાં ભારે ભીડ હતી. બસમાં ચડતી વખતે ભીડનો લાભ લઈ મહિલાના પર્સની ચેન ખોલી ગઠિયાઓએ અંદરથી એક મીની પર્સ સેરવી લીધું હતું. બસમાં બેઠા પછી આ મહિલાનુ ધ્યાન પોતાના પર્સ પર જતા તેણીએ પર્સની ચેન અડધી ખુલ્લી જોઈ હતી અને તેણીને શંકા ગઈ હતી. પર્સમાં તપાસ કરતાં અંદર મૂકેલું મીની પર્સ ગાયબ હતું. આ મીની પર્સમાં સોનાની બુટ્ટી, ચેન, કડુ, વિંટી સહિત સોના અને ડાયમંડના ૧૫ થી વધુ દાગીનાઓ મુકેલા હતા. સામાન્ય પાકીટ સમજીને ચોરી કરીને ભાગી ગયેલા ગઠિયાના હાથમાં મોટી માલમિલકત આવી ગઈ અને તેને તો જાણે જેકપોટ લાગી ગયો..! રુ.૧૨.૪૧ લાખના દાગીનાની ચોરી મામલે એન આર આઈ મહિલાની ફરિયાદને આધારે સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરીને એસ.ટી.ડેપોના સીસીટીવી ફૂટેજ મેળવવા પ્રયત્ન શરૂ કર્યા છે.

## ડેપોના સીસીટીવી કેમેરા જ બે મહિનાથી બંધ..!

એન.આર.આઈ મહિલાને ટાર્ગેટ કરીને એસટી બસમાં ચડતી વખતે ભીડનો લાભ લઈ ખીસાકાતરૂ ગેંગે એક મીની પર્સ ફેરવી લીધું જેમાં સાડા બાર લાખના દાગીના હતા. ચકચારી આ ચોરી મામલે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી અને ડેપોમાં જઈ સીસીટીવી ફૂટેજ મેળવવા પ્રયત્ન કર્યા ત્યારે ખબર પડી કે એસ.ટી.ડેપોના તમામ સીસીટીવી કેમેરા પૈકી એક જ કેમેરો હાલ કાર્યરત છે. છેલ્લા પ્લેટફોર્મ પર લાગેલા સીસીટીવી કેમેરા સિવાયના તમામ કેમેરા છેલ્લા બે મહિનાથી બંધ હાલતમાં હોવાનું ડેપોના સંચાલકો મારફતે પોલીસને જાણવા મળ્યું છે. આ ચોરને પકડવા ડેપોના સીસીટીવી કેમેરાના ફૂટેજ અત્યંત મહત્વના હતા. પરંતુ આ કેમેરા બે મહિનાથી બંધ હોવાનું જાણવા મળતા હવે ડેપોની બહાર આસપાસના સર્કલ પાસેના કેમેરાના ફૂટેજ મેળવી આ ગુનાની વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

# ૨૦ વર્ષથી નાસતો ફરતો બુટલેગર આખરે ઝડપાયો

## એલસીબીની ટીમે બુટલેગરને મહુડી ચોકડીથી દબોચી લીધો

ગાંધીનગર તા ૯

પ્રોહીબિશનના ગુનાના છેલ્લા ૨૦ વર્ષથી નાસતા-ફરતા બુટલેગરને એલ.સી.બીની ટીમે આખરે ઝડપી લીધો છે. જિલ્લામાં વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા માટે ગાંધીનગર એસપી મયૂર ચાવડાના આદેશને પગલે



ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમે આવા નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા બાતમીદારો સક્રિય કર્યા છે. જે અનુસંધાને ગઈ કાલે તેમની એબ્સકોન્ડર ટીમના એએસઆઈ અશોકકુમારને મળેલી બાતમીના આધારે ટીમે પ્રોહીબિશનના ગુનામાં વર્ષોથી નાસતા ફરતા એક બુટલેગરની ધરપકડ કરી છે.

ચોક્કસ બાતમીના આધારે એલસીબીની આ ટીમે રાજકોટ ગ્રામ્યના કોટડાસાંગાણી પોલીસ સ્ટેશનના વર્ષ ૧૯૯૮નાં પ્રોહિબિશનના ગુનામાં એટલે કે ૨૦ વર્ષથી નાસતા ફરતા બુટલેગરને મહુડી ચાર રસ્તા પાસેથી પકડી પાડયો હતો. મૂળ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના એક ગામમાં રહેતો અને હાલ ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ બ્લોક નંબર ૭૪૦ માં રહેતા ચિમન બાલચંદ શાહ( મહેશ્વરી) નામના છેલ્લા ૨૦ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડીને લી ગાંધીનગર એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રાજકોટ ગ્રામ્ય પોલીસને સોંપવા કવાયત શરૂ કરી છે. આરોપીની પૂછપરછમાં આ ગુના ઉપરાંત તે રાજકોટ સીટી પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના ગુનામાં પણ પોતે નાસતો-ફરતો હોવાનું જાણવા મળ્યું છે.



રાજયભરમાં ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે.ત્યારે શિયાળાના ચાર માસ સુધી નાગરીકો સ્વાસ્થય વર્ધક ખોરાક આરોગી તંદુરસ્તી જાળતવા હોય છે. જેથી શહેરમાં વિવિધ વસાણાની સાથે કચરીયાની પણ બોલબાલા છે. તલ,ગોળ મિશ્રિત કચરીયાની ઘાણી પહેલા બળદથી ચાલતી હતી. પરંતુ આધુનિક જમાનામાં બળદ ને બદલે હવે બાઈક સંચાલિત ઘાણીની પ્રથા શરુ થઈ ગઈ છે. ત્યારે મશીન દ્વારા ગણતરીની મિનિટમાં કચરીયું આપવા છતા નાગરીકો બાઈકવાળી ઘાણી પર પોતાની પસંદગી ઉથારી રહ્યા છે.

# આજે સેક્ટર-૪માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૯

જય અંબેમાં જય બહુચરમાંની અસીમ કૃપાથી માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સીના શ્રીમતી મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો ભારતીબા મનવરસિંહ અટોદરીયા, સેક્ટર-૪-એ, પ્લોટ નં. ૧૦૧૨/૨, ઓમ કારેશ્વર મહાદેવના મંદિર પાસે તા. ૧૦-૧૨-૨૦૧૮ને સોમવારના રોજ બપોરે સમય ૨ થી ૫ કલાક સુધી આનંદનો ગરબો રાખેલ છે. તો સર્વે ભાવિ ભક્તોને આનંદના ગરબામાં પધારવા આમંત્રણ પાઠવીએ છીએ.

# આજે ગાંધીનગરમાં કઝાકિસ્તાન ગણતાંત્રિક રાષ્ટ્રની કોન્સ્યુલ કચેરીનો પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સોમવારે ૧૦ ડિસેમ્બરે ગાંધીનગરમાં મધ્ય એશિયાના ગણતાંત્રિક રાષ્ટ્ર કઝાકિસ્તાનની કોન્સયુલ કચેરીનો પ્રારંભ કરાવશે. ગાંધીનગરમાં કાર્યરત થનાર આ નવી કચેરીના કોન્સ્યુલર તરીકે દિલીપ ચુનીલાલ ચંદનની નિયુક્તિ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રી સોમવારે ૧૦ ડિસેમ્બરે સવારે ૧૦.૪૫ કલાકે સેક્ટર ૮ બી પ્લોટ નંબર ૩૫૨ ખાતે આ કચેરી ખુલ્લી મુકવાના છે.

# “મેરી આવાજ સુનો” કરાઓકે ટ્રેક શૉ માટે વિના મૂલ્યે ઓડિશન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડીયો દ્વારા હિન્દી ફિલ્મી ગીતો ગાવાના શોખીનો માટે સ્ટેજ પર ગાવા માટે તક મળે તેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. “મેરી આવાઝ સુનો - અ વૉઈસ ઓફ ગાંધીનગર” શિર્ષક હેઠળ આયોજિત આ કાર્યક્રમ એક કરાઓકે ટ્રેક શૉ હશે જે તા. ૧૬મી ડિસેમ્બર રવિવારે બપોરે ૧ કલાકે યોજાશે. આ કરાઓકે ટ્રેક શૉ માં ભાગ લેવા માંગતા ગાયકોએ પોતાની પસંદગીના ગીતની તૈયારી સાથે પેનડ્રાઈવ કે મોબાઈલમાં લઈને સ્ટુડિયોમાં સમયસર હાજર રહેવા જણાવાયુ છે. ઓડિશનમાં ભાગ લેવા માટે ગાયકો પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહી તેમજ ઓડિશનમાં કોઈપણ ઉંમરની વ્યક્તિ ભાગ લઈ શકશે.

“મેરી આવાઝ સુનો” કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા ગાયકોએ સંસ્થાની ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સનરાઈઝ આર્કેટ કોમ્પલેક્ષમાં બાગબાન રેસ્ટોરન્ટની બાજુમાં આવેલ ઓફિસનો સંપર્ક સાધવા જણાવ્યું છે. આ સાથે કાર્યક્રમ અંગે વધુ વિગતો માટે સંસ્થાના આર.કે. રાવળનો મો. નં. ૯૫૭૪૬૨૬૮૦૩ અથવા શ્રવણકુમાર પરમારનો મો. નં. ૯૪૨૭૩૧૮૦૭૩ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. વાડીલાલ અંબાલાલ પટેલ, ઉ.વ. ૭૦

# વૃધ્ધાશ્રમ માત્ર મજબૂરી જ નહી જરૂરિયાત પણ હોઈ શકે

**સમાજમાં વધતા જતા વૃધ્ધાશ્રમો ચિંતાજનક જરૂર પણ કેટલીક પરિસ્થિતિમાં આશિર્વાદરૂપ પણ બને છે : વૃધ્ધાશ્રમ માટે માત્ર સંતાનો જ નહી ક્યારેક સંજોગો અથવા ખુદ વડિલો પણ જવાબદાર હોય છે**

ગાંધીનગર, તા. ૯

બૉલીવુડના શહેનશાહ એવા મિલેનિયમ સ્ટાર અમિતાભ બચ્ચનની વય જેમ જેમ વધે છે તેમ તેમ તેમનું




વ્યક્તિત્વ વધુને વધુ પ્રભાવશાળી અને ચુંબકીય બનતું જાય છે જે નિહાળી દરેક નાગરિકને મનમાં ઊંડે ઊંડે એવી લાગણી જરૂર થાય છે કે વૃધ્ધત્વ હોય તો આવુ. આકર્ષક વ્યક્તિત્વ સાથે અઢળક વિનય-વિવેકના સંસ્કાર ધરાવતા આ મહાનાયકે તાજેતરમાં વધુ એકવાર તેમના હૃદયની વિશાળતાનો પરિચય આપતાં હરિયાણાના બધવાડી ગામે ચાલી રહેલી વૃધ્ધો માટેની સંસ્થાને રૂ. ૫૦ લાખનું દાન આપ્યું છે. માત્ર અમિતાભ જ નહી આપણી આસપાસ અનેક દાતાઓ એવા હોય છે કે જેઓ કરોડો રૂપિયાનું દાન વૃધ્ધાશ્રમોની સ્થાપના કે નિભાવ માટે ઘડીકમાં આપી દેતા અચકાતા નથી. જો કે આ સાથે એ વિચારવાની પણ જરૂર છે કે શા માટે વૃધ્ધાશ્રમો બનાવવા પડી રહ્યાં છે ? વૃધ્ધાશ્રમો આપણા સમાજ માટે બોજારૂપ છે કે આશિર્વાદરૂપ ?

વયોવૃધ્ધ વયે પહોંચેલા મા-બાપને સ્વાર્થ ખાતર ત્યજી દેતા સંતાનોને સબક ભણાવતી ફિલ્મ “બાગબાન”માં પણ અમિતાભ બચ્ચનની હૃદયસ્પર્શી મુખ્ય ભૂમિકાએ આ બાબતે વિચાર-ચર્ચા જગાવી હતી. જો કે સિક્કાની એક જ બાજુ દર્શાવતી આ ફિલ્મમાં વૃધ્ધત્વને સક્ષમતા પ્રદાન કરાવતો સંદેશ આપતી હતી. જે વાસ્તવિકતામાં દરેક વરિષ્ઠ વ્યક્તિઓ માટે શક્ય હોતુ નથી. વૃધ્ધત્વ દરમ્યાન સૌથી અડચણરૂપ સમસ્યા સ્વાસ્થ્યની હોય છે અને શારિરિક તકલીફો વૃધ્ધોને અન્યો સાથે કે અન્ય સ્થળે સુમેળ સાધવામાં બાધારૂપ બને છે. ઓછુ દેખાવુ, ઓછુ સંભળાવુ કે ચાલવામાં તકલીફ પડવી જેવી સમસ્યાઓથી માંડીને અશક્તિ કે કાયમી બિમારી નિરાશાજનક માનસિકતા સર્જે છે જેની સીધી અસર વ્યક્તિના સ્વભાવમાં પડે છે ત્યારે ઘડપણ ધીમે ધીમે આકરૂ બનતું જાય છે. જો કે શારિરિક તકલીફ કે બિમારીનો ભોગ ના બન્યાં હોય તેવા વડીલો ધારે તો પોતાની વૃધ્ધાવસ્થાને હકારાત્મક અભિગમ કેળવી આનંદરૂપ બનાવી શકે છે અને તેવા અમિતાભ સહિતના અગણ્ય દાખલા આપણી આસપાસમાં જ જોવા મળે છે. આમ છતાં આપણા સમાજમાં વધતા જતા વૃધ્ધાશ્રમો અંગે વિચાર કરવો પણ જરૂરી બનતો જાય છે. આજના સ્પર્ધાત્મક યુગમાં આજીવિકા રળવા અને બાળકો માટે સારૂ શિક્ષણ મળી રહે તેવા કારણોસર પણ ભારતીય સંસ્કૃતિની ઓળખ સમી સંયુક્ત કુટુંબ પ્રથા ઝડપભેર તુટી રહી છે. મોટા શહેરો તરફ વધી રહેલા સ્થળાંતરને કારણે પણ આ પ્રથાને ભારે અસર પહોંચી છે તેવા સમયમાં વર્ષો સુધી એક માહોલ કે વ્યવસ્થામાં જીંદગીનો સૌથી વધુ સમયગાળો વિતાવ્યા પછી નવા વાતાવરણમાં નવી ઓળખાણો સાથે “સેટ” થવુ વડિલો માટે સરળ વાત તો નથી જ. વૃધ્ધાવસ્થાની સૌથી મોટી તકલીફ એકાકીપણુ હોય છે જે આવા કારણોસર વધે છે તેવા સમયે વૃધ્ધાશ્રમ ઉપયોગી સાબિત થઈ શકે છે. વળી, પાકટ વયમાં વ્યક્તિના સ્વભાવમાં જો જક્કી પણ વધે અથવા જીંદગીભર ભોગવેલ પ્રભાવ પાડવાની આદત સમયાનુસાર છુટે નહી ત્યારે વડિલપણું ચિંતાજનક બને છે.



સંયુક્ત પરિવારમાં રહેતા વૃધ્ધો સુખી જ હોય તેવું પણ માનવું ભૂલ ભરેલું છે. ઘરના તમામ સભ્યો જો નોકરી વ્યવસાયમાં જોડાયેલા હોય અને બાળકો અભ્યાસ અર્થે ઘરની બહાર વધુ રહેતા હોય ત્યારે ઘરમાં એકલતા મુખ્ય સમસ્યા બની જાય છે. આ સમયે જો અન્યો પાસે રાખેલી અપેક્ષા પુરી ના થવાથી પીડા આપે છે. ઘણા વૃધ્ધોને તો વૃધ્ધાશ્રમમાં થોડો સમય રહ્યાં પછી પોતાની ભૂલો સમજાતી હોય છે. આપણા સમાજમાં વડિલોને સન્માન આપવું તે સંસ્કાર છે પરંતુ જ્યારે વ્યકિત બિન જરૂરી ક્રોધ, તાનાશાહી કે જીદ કરે ત્યારે ઝડપથી આ સન્માન ગુમાવે છે. જો ઘરમાં તમારી ગેરહાજરી અન્ય સભ્યો માટે આનંદરૂપ હોય ત્યારે સમજી લેવું કે તમારૂ વડિલપણુ વિચાર યોગ્ય બન્યું છે. તમારી અન્યોની ભૂલ માફ કરવાની શક્તિ જ તેમને તમારો ગુસ્સો સહન કરવાનું ધૈર્ય પુરૂ પાડે છે. જ્યારે તમારી સાથે હસી-મજાક કરવા કોઈ સક્ષમ ના હોય ત્યારે તમારી એકલતા પણ દૂર કરવી દરેક માટે પડકારરૂપ બને છે આ વાત વડિલોએ સમજવી જરૂરી બને છે. જો કે વૃધ્ધાશ્રમોની સંખ્યા વધવા પાછળ માત્ર કૌટુંબિક તણાવ કે સ્વાર્થના સંબંધ જેવા કારણો નથી હોતા પરંતુ અનેક કિસ્સામાં મજબુરી પણ હોય છે જેમકે પરિવારમાં નજીકનું કોઈ ના હોવુ, સંતાનોને કારકિર્દીવશ વિદેશ કે અન્યત્ર દૂરના સ્થળે વસવાટ કરવો જરૂરી હોય, વગેરે જેવા કારણોસર પણ વડિલોને વૃધ્ધાશ્રમ આશિર્વાદરૂપ બની શકે છે. અગાઉ જણાવ્યા મુજબનું એકાંકીપણુ દૂર કરી શકે તેવા જાણીતા મિત્રો કે સ્નેહીજનો સાથે જો વૃધ્ધાશ્રમમાં પ્રાપ્ત થતો હોય તો વૃધ્ધાશ્રમ એક આનંદનું ઘર બની શકે છે. અશક્ત વડિલોની સારસંભાળ ઘરમાં રહેવાથી આજીવિકા માટે સંઘર્ષ કરી રહેલા સંતાનો માટે જો ચિંતાજનક પરિસ્થિતિ બનતી હોયત્યારે વૃધ્ધાશ્રમ વ્હારે ધાય છે.

જો કે માત્ર પોતાની ‘પ્રાયવસી’ જાળવવા કે સ્વાર્થ ખાતર ઘરના વડિલોને વૃધ્ધાશ્રમમાં ધકેલી જવાબદારીમાંથી છટકતા સંતાનો પર અંકુશ હોવો જરૂરી છે. વૃધ્ધાશ્રમમાં રહેતા મા-બાપને વાર-તહેવારે પણ ભુલી જતા સંતાનોના કારણે વડિલો માટે વૃધ્ધાશ્રમ પણ બોજારૂપ બને છે. પોતાના પેટે પાટા બાંધીને સંતાનોને ઉછેર્યા પછી જો તેમને સંતાનો તરછોડે ત્યારે તેનાથી દુઃખદ ક્ષણ બીજી કોઈ હોતી નથી. દરેક વ્યક્તિને પોતાના જીવનની ડોર પોતાના હાથમાં રાખવાનો અધિકાર છે પરંતુ વ્યક્તિનું શરીર જ્યારે પરાવલંબી બને ત્યારે પોતાના સ્વજનોની હૂંફની જ અપેક્ષા સૌથી વધુ હોય છે. આ સમયે તે જવાબદારીમાંથી છટકતા સંતાનોએ આ યાદ રાખવુ જોઈએ કે વૃધ્ધાવસ્થા તેમણે પણ ભોગવવાની જ છે.

-પ્રતિભાવો આવકાર્ય

Samirtalod@yahoo.com

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧